# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે રાજ્યમાં સેવા સંકલ્પ અભિયાનનો શુભારંભ.**
2. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદના કાંકરિયા પરિસર ખાતે એક દીવો આશીર્વાદનો કાર્યક્રમમાં હાજરી આપી – રાજ્યભરમાં આશીર્વાદનો દીવો કાર્યક્રમની ઉત્સાહપૂર્વક ઉજવણી.**
3. **અમદાવાદના નારોલ પોલીસે માદક દ્રવ્યોના ઉપયોગ માટે બનાવાયેલ કફ સિરપની 1 હજારથી વધુ બોટલ જપ્ત કરી.**
4. **આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી.**
5. **પુરુષ ક્રિકેટમાં, ભારતે અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણી 3-0 થી જીતી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# AMIT SHAH- KANKARIYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિન અને જનસેવાથી રાષ્ટ્ર સેવાનાં 25 વર્ષ નિમિત્તે અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમ યોજાયો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોમાં ભારતીની આરતી ઉતારી 'સેવા સંકલ્પ અભિયાન'ની ઉજવણીમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે સમગ્ર કાંકરિયા લેકફ્રન્ટ પરિસર અંદાજિત સવા લાખ જેટલા દિવડાઓથી ઝગમગી ઊઠ્યું હતું, મોટી સંખ્યામાં નાગરિકો પણ હાથમાં દીવો લઈ માં ભારતીની આરતી ઉતારી પ્રધાનમંત્રીશ્રીની જનસેવાના 25 વર્ષની આ ઉજવણીમાં સહભાગી થયા હતા. દરમિયાન સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન'ની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

# SEVA SANKALP ABHIYAN – OVERALL – 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે રાજ્યભરમાં ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત અમદાવાદના કાંકરિયા લેકફ્રંટ ખાતે 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમ યોજાયો. જેમાં કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતશાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા.

મહેસાણા જિલ્લાના વાળીનાથ મંદિર (તરભ) ખાતે ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ ‘આશીર્વાદનો દીવડો’ કાર્યક્રમમાં દીપ પ્રગટાવી પ્રધાનમંત્રીના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી.

અમરેલી સ્થિત કામનાથ મહાદેવ મંદિરમાં જિલ્લાકક્ષાનો 'આશીર્વાદના દીવા’ કાર્યક્રમ યોજાયો. જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા. તો ભાવનગરના બોરતળાવ ખાતે કૃષિ મંત્રી જીતુઈ વાઘાણીએ શ્રી સ્થાપનાથ મહાદેવ મંદિરમાં આરતી કરી પ્રધાનમંત્રીના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી.

તો પંચમહાલ જિલ્લામાં રક્તદાન કેમ્પ અને પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો. જ્યારે જામનગરમાં શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં વિવિધ સાંસ્કૃતિક તથા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું.

વલસાડના વાપીમાં નાણાં મંત્રી કનુ દેસાઈની ઉપસ્થિતિમાં “આશીર્વાદનો દીપ” કાર્યક્રમમાં 15 હજારથી વધુ દિવડા પ્રગટાવાયા. તો રાજકોટમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાની ઉપસ્થિતિમાં 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમ યોજાયો.

# SEVA SANKALP ABHIYAN – OVERALL – 2

સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાની ઉપસ્થિતિમાં "આશીર્વાદનો દિવડો" કાર્યક્રમ યોજાયો. તો કચ્છ જિલ્લાના વિવિધ આઈકોનિક તેમજ ધાર્મિક સ્થળોએ 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરતમાં પણ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં તાપી નદીના કિનારે 10 હજાર દિવડાઓ સાથે'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો.

## (BYTE: C.R. PATIL)

*("ગુજરાત મેં, સુરત મેં ઓર પૂરે દેશ મેં લોકો ને સેવા કી પ્રવૃત્તિ દ્વારા એ દિન કા જિસ તરહ સે માનનીય પ્રધાનમંત્રી મોદી સાહેબ કા જન્મદિવસ પર શુભેચ્છા ઓર આશીર્વાદ દિયા હૈ, વોહી બતાતા હૈ કે મોદી સાહેબ કી જો લોકપ્રિયતા હે અપ્રતિમ હૈ।")*

તો બનાસકાંઠા અંબાજીના ચાચર ચોકમાં પ્રધાનમંત્રીના જન્મદિને ભવ્ય મહાઆરતી યોજાઈ. ભરૂચમાં પણ નર્મદા નદી કિનારે દીપોત્સવથી ઉજવણી કરાઇ. તો કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલામાં લક્ષ્ય સ્કૂલ અને ટ્યુશન ક્લાસીસ ખાતે શ્રી મોદીના જન્મદિવસની ઉજવણી કરાઇ. જ્યારે મહેસાણાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે 12 હજાર 500 દીવડાઓના ઝગમગાટ સાથે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ સંપન્ન.

# NIMUBEN-SEVASANKALPABHIYAAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી સમગ્ર રાજ્યમાં સેવા સંકલ્પ અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે મહુવા ખાતે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વયોવૃદ્ધજનો માટે નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણીને સેવા સાથે જોડીને જરૂરિયાતમંદ વડીલોના જીવનમાં સુગમતા અને આત્મનિર્ભરતા લાવવાનો આ પ્રયાસ છે.

## (BYTE: NIMUBEN BAMBHANIYA)

*( "આ સાધનોમાં વ્હીલચેર, ટ્રાયસિકલ, શ્રવણ યંત્ર, વૉકર, લાકડી, ચોકઠા, ચશ્મા, કમર-ઘૂંટણના પટ્ટા અને એની જેવા અનેક સાધનો અહીંયા વયોશ્રી યોજના અંતર્ગત વૃદ્ધજનોને મળવાના છે ત્યારે આ સાધનો દ્વારા જીવન સુગમ બને અને સરળતાવાળું બને એના માટે કામનાઓ પાઠવું.")*

# SEVA SANKALP ABHIYAN - START UP INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. ત્યારે સેવા અને સુશાસનના દ્રષ્ટિકોણથી પ્રેરિત વર્તમાન સરકાર વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા અવિરત કામ કરી રહી છે. સમાવેશી વિકાસ અને સામાજિક સશક્તિકરણ દ્વારા આ સમર્પણ લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યું છે. આ અવસરે અમે સેવા સંકલ્પ અભિયાનની વિશેષ શ્રેણીનું પ્રસારણ કરી રહ્યા છીએ. આજની કડીમાં જાણીએ સરકારની સ્ટાર્ટ-અપ ઇન્ડિયા પહેલ વિશે.

## (CAPSULE: SEVA SANKALP ABHIYAAN - START UP INDIA)

### (VC: PRAVESH ADIACHA)

*(... 16 જાન્યુઆરી 2016ના રોજ સ્ટાર્ટ-અપ વિચારને પ્રોત્સાહન આપવા અને ભારતમાં નવિનીકરણ અને ઉદ્યોગસાહસિકતા માટે એક મજબૂત અને વ્યાપક ઇકોસિસ્ટમની રચના કરવાના હેતુસર ભારત સરકાર દ્વારા સ્ટાર્ટ-અપ ઇન્ડિયા પહેલ શરૂ કરવામાં આવી. દેશભરમાં અત્યાર સુધી બે લાખથી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા અપાઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટઅપ્સને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. પરિવર્તનમાં આગળ રહેવા સલાહ આપી છે.*

### (BYTE: NARENDRA MODI, PRIME MINISTER) START UP

***"जो राष्ट्र एआई रिवोल्यूशन में जितना आगे होगा, उसके पास उतना ही एडवांटेज होगा। भारत के लिए यह काम हमारे स्टार्टअप्स को करना है। बीते दशकों में हमने डिजिटल स्टार्टअप्स में सर्विस सेक्टर में काफी शानदार काम किया है। अब समय है कि हमारे स्टार्टअप मैन्युफैक्चरिंग पर ज्यादा ध्यान दें।"***

*આકાશવાણી સાથે વાત કરતા અમદાવાદના એક સ્ટાર્ટઅપ ઉદ્યમી ધ્રુવ પટેલે કહ્યું, સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલથી નવા ઉદ્યમ અને સ્ટાર્ટઅપ્સ માટે એક અનુકૂળ વાતાવરણ તૈયાર થયું છે.*

### (BYTE: DHRUV PATEL, START UP)

***("मैं ध्रुव पटेल, डीड़एस हेल्थकेयर टेक्नोलॉजी का फाउंडर एंड सीईओ हूं। मेक इन इंडिया ने भारत में स्टार्टअप्स के लिए इनोवेशन से लेकर मैन्युफैक्चरिंग तक एक मजबूत इकोसिस्टम तैयार किया है। डीड़एस हेल्थकेयर में हमने इसी अवसर का लाभ उठाकर भारत में ही हेल्थकेयर टेक्नोलॉजी को डिजाइन, डेवलप और मैन्युफैक्चरिंग किया है।")***

*આ સાથે જ ગુજરાતમાં હાલ 19 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત્ છે. પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# AMDAVAD-COUGH SYRUP

અમદાવાદના નારોલ પોલીસે કથિત રીતે માદક દ્રવ્યોના ઉપયોગ માટે બનાવાયેલ કફ સિરપની 1 હજાર 798 બોટલ જપ્ત કરી, **NDPS** એક્ટ હેઠળ બે આરોપીઓની ધરપકડ કરી, અને ₹26.15 લાખની કિંમતની ગેરકાયદેસર અને અન્ય વસ્તુઓ જપ્ત કરી હોવાનું, સહાયક પોલીસ કમિશનર વાય. એ. ગોહિલે જણાવ્યું હતું.

## (BYTE: Y. A. GOHIL)

***("નરોડા પોલીસ કો એસી બાતમી મિલી થી કે બ્લેક સ્કોર્પિયો કાર મેં કફ સિરપ લેકે ઉસકો લેકે આ રહે હૈ। સ્કોર્પિયો થી ઉનકો રોકી તો ઉનમેં તકરીબન ૧૭૯૮ બોટલ્સ કેડી ફ્રોસ ટી નામ કી જે કફ સિરપ થી વો મિલી જીસકી કુલ કિંમત ૨૧ લાખ ૧૫ હજાર ઓર અન્ય મુદ્દામાલ ટોટલ ગીન કે તકરીબન ૨૬ લાખ ૭૫ હજાર કા મુદ્દામાલ પોલીસ દ્વારા જપ્ત કિયા ગયા")***

# WEATHER

આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાજવીજ સાથે વાવાઝોડાની ચેતવણી અપાઈ છે.

રાજ્યમાં પહેલી જૂનથી **17** સપ્ટેમ્બર સુધીમાં સમગ્ર રાજ્યમાં **612** મિલીમીટર જેટલો વરસાદ થતા ગયા વર્ષની સરખામણીએ નવ ટકા ઓછો વરસાદ થયો હોવાનું હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

અમદાવાદના વાતાવરણમાં ગઇકાલે મોડી સાંજે પલટો આવતા અનેક વિસ્તારમાં દોઢ ઇંચ સુધી વરસાદ પડ્યો હતો. હજુ આગામી ચાર દિવસ અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં,ભારતે અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણી 3-0 થી જીતી. ગઈકાલે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ મેચમાં ભારતે અફઘાનિસ્તાનને 127 રનથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવી 221 રન બનાવ્યા. જેમાં અભિષેક શર્માએ 34 બોલમાં 108 રન, જ્યારે સંજુ સેમસને 50 રન બનાવ્યા. જવાબમાં, અફઘાનિસ્તાન 14 ઓવર અને એક બોલમાં 94 રનમાં ઓલઆઉટ થયું. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડી અને રવિ બિશ્નોઈએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી. ભારત તરફથી અભિષેક શર્માને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા. T20 ક્રિકેટમાં 100 કે તેથી વધુ રનના માર્જિનથી ભારતની આ દસમી જીત છે.

# RELIANCE CUP

ગાંધીનગરમાં રિલાયન્સ કપ સિનિયર મેન્સ ઇન્ટર-ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધાની લીગ સ્ટેજની ક્વાલિફાયર મેચમાં આજે અરાવલી અને મહેસાણા, સુરેન્દ્રનગર અને સુરત તથા ગીર સોમનાથ અને ભરૂચની ટીમ વચ્ચે મેચ રમાશે.

ગઇકાલે રમાયેલી મેચમાં અરાવલી, સુરેન્દ્રનગર અને ભરૂચની ટીમનો વિજય થયો હતો. પહેલા મેચમાં અરાવલીના અફજલ અલીના ત્રણ, આયુષ, વિવેક અને ધાર્મિક કુમારના એક-એક ગૉલની મદદથી અરાવલીની ટીમે અમરેલી સામે છ-એકથી વિજય મેળવ્યો. જ્યારે અમરેલી તરફથી મહેશ સોનીએ એક ગૉલ કર્યો.

બીજી મેચમાં ખેડા સામે સુરેન્દ્રનગરની ટીમે ત્રણ-શૂન્યથી અને ત્રીજી મેચમાં ભરૂચની ટીમે ગીર સોમનાથની ટીમ સામે એકતરફી 13- શૂન્યથી વિજય મેળવ્યો.

# KACCH-MARINDRIVE

કચ્છના જખૌ મરીન ટાસ્ક ફોર્સ જખૌ સેક્ટરના સમગ્ર મરીન કમાન્ડો ટીમ દ્વારા ખીદરત ટાપુ, જખૌબંદર, ભારતસોલ્ટ સુધીના દરિયાઈ વિસ્તારમાં ખાસ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

જેમાં વિવિધ વિસ્તારોમાં અલગ અલગ ટીમો બનાવી બોટ ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું અને માછીમારોને અજાણ્યા તેમજ શંકાસ્પદ વ્યક્તિઓ તેમ શંકાસ્પદ બોટો ઉપર ખાસ નજર રાખવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# FOOD DRUGS PLDRIVE

સુરતની પી.પી. સવાણી હોસ્ટેલ ખાતે તાજેતરમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ઘટનાને પગલે ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા ગઇકાલે રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ **151** હોસ્ટેલ/કેન્ટીનની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન જ્યાં સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા સંબંધિત ખામીઓ જણાઈ ત્યાં સંચાલકોને જરૂરી સુધારાત્મક પગલાં લેવા નોટિસ આપવામાં આવી હતી. ઉપરાંત, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે **11** નમૂનાઓ પણ લેવામાં આવ્યા છે, જેની વધુ તપાસ હાથ ધરવામાં આવશે.